# અમરોલીની કોલેજની બહાર માથાભારે તત્ત્વોની દાદાગીરી

**વિદ્યાર્થીઓને** તમાચા માર્યા, વિડીયો વાયરલ થતાં પોલીસે બેને પકડ્યા, કાન પકડી માફી માંગી

સુરતઃ અમરોલી વિસ્તારમાં કોલેજ બહાર અસામાજિક તત્ત્વોની બેફામ દાદાગીરીનો વિડીયો વાયરલ થતાં પોલીસે કાર્યવાહી કરી હતી

અમરોલી વિસ્તારની એક કોલેજ બહાર શાંતિથી ઉભેલા વિદ્યાર્થીઓ પર બે અસામાજિક તત્ત્વએ આતંક મચાવ્યો હતો. હાથમાં પોલીસ જેવો દેખાતો દંડો લઈ બાઈક પર આવેલા તત્વો વિદ્યાર્થીઓને કોઈ કારણ વિના તમાચા મારવા લાગ્યા હતા. એટલું જ નહીં, રોફ જમાવવાના નશામાં એક વિદ્યાર્થીને બોચી પકડી જમીન પર ફેંકી દેવામાં આવ્યો હતો.

બાઈક પર બેઠેલા વિદ્યાર્થીઓને પણ ડરાવી-ધમકાવીને વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના દૃશ્યો કોલેજ બહાર લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગયા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વિદ્યાર્થી આલમમાં અને સામાન્ય જનતામાં ભારે રોષ જોવા મળ્યો હતો.

વિડીયો વાયરલ થતાં જ અમરોલી પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી ગણતરીની કલાકોમાં મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશન પહોંચતાં જ કોલેજ બહાર 'હીરો' બનીને ફરતો યુવકનો રોફ ઠંડો પડી ગયો હતો.

પોલીસે કડક ભાષામાં કાયદાનો પાઠ ભણાવતા આરોપીએ જાહેરમાં પોતાના બંને કાન પકડી માફી માંગી હતી. તેણે ભવિષ્યમાં આવી હરકત નહીં કરવાની કબૂલાત પણ કરી હતી.

# પેકર્સ એન્ડ મૂવર્સની આડમાં 5 વર્ષથી સાયબર ફ્રોડ, ગેંગ પકડાઈ

**ડિંડોલીમાં** એસઓજી પોલીસે દરોડા પાડી ચારને પકડ્યા

**દેશભરમાં** 71 સાયબર ગુનામાં સંડોવણી, ટેલિગ્રામ થકી ચાઈનીઝ ગેંગ સાથે લેડવદેવડ થતી હતી

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં એસઓજી પોલીસે મોટી કાર્યવાહી કરી 'કૃષ્ણા પેકર્સ એન્ડ મૂવર્સ'ની આડમાં ચાલતા સાયબર ફ્રોડ ગેંગનો ભાંડો ફોડ્યો છે.

ડિંડોલી, મંગલમ પાર્ક નજીક ગ્રીનવેલીમાં પહેલા માળે આવેલી 'કૃષ્ણા પેકર્સ એન્ડ મૂવર્સ'ની ઓફિસમાં એસઓજીએ બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન અહીંથી પ્રતીક પ્રફુલભાઈ વસાવા (રહે., ઓમનગર, ડિંડોલી), દિપક ઉમાદત્ત વેદનાથ પાંડે (રહે., વલ્લભ રેસિડેન્સી, કડોદરા), રૂપેશ દિગંબર દેવીદાસ હાંડગે (રહે., સાંઈ રેસિડેન્સી, લિંબાયત) અને ભૂષણ પ્રવિણ પાટીલ (રહે., ક્રિષ્નાપાર્ક, ડિંડોલી)ને ઝડપી લેવામાં આવ્યા હતા. પૂછપરછમાં ખુલ્યું કે ચારેય આરોપીઓ દલાલી સ્વરૂપે કામ કરી સાયબર ફ્રોડ ગેંગ માટે મુખ્ય કડી બની રહ્યા હતા. પોલીસે કબજે લીધેલા ૧૪ બેંક એકાઉન્ટની તપાસ કરતાં આ એકાઉન્ટો દેશભરના ૭૧ સાયબર ફ્રોડ કેસમાં સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે. આ ગેંગ દુબઈમાં બેઠેલા સાયબર માફિયા તેમજ ચાઈનીઝ ગેંગ સાથે સીધા સંપર્કમાં હતી.

આરોપીઓ અલગ અલગ લોકોના નામે બેંક એકાઉન્ટો ખોલાવતા, ત્યારબાદ એકાઉન્ટ ધારકો પાસેથી ચેકબુક, એટીએમ કાર્ડ, બેંક કીટ અને રજીસ્ટર્ડ મોબાઈલ નંબરના સિમકાર્ડ મેળવી લેતા હતા. મળેલી રકમને યુએસડીટીમાં કન્વર્ટ કરી ટેલિગ્રામ મારફતે ચાઈનીઝ ગેંગ સાથે લેવડદેવડ થતી. બાદમાં આ રકમ અલગ સેવિંગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ચેક-ડિજિટલ રીતે ઉપાડી કમિશન રૂપે વહેંચવામાં આવતી હતી. હાલ દુબઈમાં બેઠેલા મુખ્ય સૂત્રધાર સહિત ૯ને વોન્ટેડ જાહેર કરાયા છે.

### પોલીસે જપ્ત કરેલો મુદ્દામાલ

પોલીસે સ્થળેથી કુલ ૭ મોબાઈલ ફોન, ૨ કોમ્પ્યુટર, ૯ ચેકબુક, ૭ એટીએમ-ડેબિટ કાર્ડ અને ૫ સિમકાર્ડ મળી આવ્યા હતા. ઉપરાંત વિવિધ કંપનીના સ્ટેમ્પ-સીલ, આધારકાર્ડ, પાનકાર્ડ, મહત્વના બેંક દસ્તાવેજો તેમજ રોકડ રૂ.૫,૭૦૦ પણ જપ્ત કરવામાં આવ્યા છે. ગેંગ દ્વારા ઉપયોગમાં લેવાતી હોન્ડા સિટી કાર પણ પોલીસે કબજે લીધી છે. આ તમામ મુદ્દામાલની કુલ કિંમત રૂ.૧૦.૧૯ લાખથી વધુ હોવાનું પોલીસે જણાવ્યું છે.

### દુબઈનો મુખ્ય સૂત્રધાર 'બીગ બ્રો' સહિત 9 વોન્ટેડ

વોન્ટેડ યાદીમાં દુબઈમાં બેઠેલો મુખ્ય સૂત્રધાર 'બીગ બ્રો' પ્રથમ ક્રમે છે. ઉપરાંત ગણેશ ઉર્ફે પ્રેમ બીરહાડે (અંબિકા રો હાઉસ, ડિંડોલી), રાજ શ્રીવાસ્તવ, ચંદન ઉપાધ્યાય, શૈલેષ પાંડે, શરદ રવિન્દ્ર પવાર (કેશવનગર, ડિંડોલી), પ્રદીપ કૌશલકુમાર વિશ્વકર્મા (સાંઈધામ સોસાયટી, ગોડાદરા), સલીમ આર.ટી.ઓ અને મીનાજ પટેલનો સમાવેશ થાય છે.

# કૃતિક ભંડારીએ 6 વેપારી પાસેથી રૂ.9.39 લાખ ડિપોઝિટ હડપ કરી

**અડાજણમાં** ભાડે લીધેલી જમીન પર દુકાનો બનાવી ડિપોઝિટ વસૂલી પરત નહીં કર્યાની ફરિયાદ

### ડિપોઝિટ તરીકે વસૂલ કરેલી રકમ

» શુભમ સંજય અગ્રવાલ પાસેથી રૂ.1.59 લાખ » મોહમદ માઝ મોહમદ જાવિદ પાસેથી રૂ.1 લાખ » પ્રતિક સુનિલકુમાર ઘીવાલા પાસેથી રૂ.1.50 લાખ » સૌરભ સુધીરભાઇ મહેતા પાસેથી રૂ.2.10 લાખ » ભરત રમેશભાઇ મહાડીક પાસેથી રૂ.2 લાખ » હસમુખ નંદલાલ સોની પાસેથી રૂ.1.20 લાખ » કુલ ડિપોઝિટ : રૂ.9.39 લાખ

સુરતઃ અડાજણ વિસ્તારમાં સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે ભાડે લેવામાં આવેલી જમીન પર માલિકની મંજૂરી વિના દુકાનો ઊભી કરી છ વેપારીને ભાડે આપી રૂ.9.39 લાખ જેટલી ડિપોઝિટ હડપ કર્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે.

અડાજણ ગામમાં રહેતા મનન પ્રદીપભાઈ પટેલની માલિકીની અડાજણ જશ લક્ષ્મી કોમ્પ્લેક્ષ સામે આવેલી 3866 ચોરસ મીટર જમીન તા.15-12-2021ના રોજ મનનના પિતા પ્રદીપભાઈ પટેલે હજીરા રોડ પર ભાઠા ગામ (બોમ્બે કોલોની નજીક)ના રહેવાસી કૃતિક શશીકાંત ભંડારીને માત્ર સ્પોર્ટ્સ એક્ટિવિટી ચલાવવા માટે ભાડે આપી હતી. પરંતુ કૃતિક ભંડારીએ જમીન બીજાને 9 દુકાનો બનાવી બીજાને ભાડે આપી દેતાં જમીન માલિક મનન પટેલ સ્થળ પર પહોંચ્યા હતા અને મિલકત પોતાની હોવાનું સાબિત કરી દુકાનો ખાલી કરાવી હતી. દુકાનો ખાલી થતાં વેપારીઓએ આરોપી પાસે પોતાનો ડિપોઝિટ પરત માંગી હતી. શરૂઆતમાં જેલમાંથી બહાર આવ્યા બાદ પૈસા પરત આપવાની વાત કરી વાયદાઓ આપ્યા હતા. બાદમાં ગાળો આપી અને ડિપોઝિટ પરત નહીં આપવાની ધમકી આપ્યાનો પણ આરોપ મૂકાયો છે.

આ સમગ્ર મામલે શુભમ સંજય અગ્રવાલની ફરિયાદના આધારે અડાજણ પોલીસે કૃતિક ભંડારી સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવી તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, કૃતિક ભંડારી સામે અગાઉ લેન્ડગ્રેબિંગનો ગુનો પણ દાખલ થયો હતો અને તેમાં તેની ધરપકડ પણ થઈ હતી.

6 ગામો, સચિન GIDC અને હોજીવાળા ઇન્ડ. એસ્ટેટના

# 1.25 લાખ વીજ ગ્રાહકને ઘર આંગણે સુવિધા: સંદીપ દેસાઇ

**6 સબ** ડિવિઝનને ભેગા કરી સચિન GIDCમાં DGVCLની સચિન ડિવિઝન કચેરીનું લોકાર્પણ



સુરતઃ બુધવારે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ચોર્યાસી વિધાનસભા બેઠકના ધારાસભ્ય સંદિપ દેસાઈના હસ્તે દક્ષિણ ગુજરાત વીજ કંપનીની સચિન વિભાગિય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સચિન જીઆઇડીસી ખાતે યોજાયેલા લોકાર્પણ સમારોહને સંબોધતા સંદીપ દેસાઈ એ ગ્રામીણો અને ઉદ્યોગકારોને જણાવ્યું હતું કે, સચિનમાં ડિવિઝન કચેરી કાર્યરત થતાં સચિન, કનકપુર, કનસાડ, ઉંબેર, ઉન, ખરવાસા, હોજીવાલા અને સચિન જીઆઇડીસીના કુલ 1.25 લાખ વીજ ગ્રાહકને હવે પાંડેસરા DGVCL કચેરી સુધી લાંબા થવાની ઝંઝટથી છુટકારો મળશે.કેન્દ્રીય મંત્રી સીઆર.પાટીલ અને તત્કાલીન ઉર્જા મંત્રી કનુભાઇ દેસાઈના પ્રયાસોને લીધે આ નવી સગવડ મળી છે. સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલાએ રજૂઆત કરી હતી કે, સચિન જીઆઇડીસીના HT અને LT કનેક્શન ધારકોની વહીવટી કચેરી સચિન જીઆઇડીસીમાં જ રાખવી જોઈએ. બિન ઔદ્યોગિક રેસિડેન્સ ગ્રાહકો માટે નજીકના ગામમાં વહીવટી ઓફિસ ઊભી કરવી જોઈએ. જેથી વહીવટી ભારણ ઘટે.

## સ્મીમેર હોસ્પિટલની બોય્ઝ હોસ્ટેલના પાર્કિંગમાં મોપેડમાં આગ લાગી

સુરતઃ સ્મીમેર હોસ્પિટલની બોયઝ હોસ્ટેલના પાર્કિંગમાં વિદ્યાર્થીઓના અનેક વાહનો પાર્ક કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ધ્રુમિલ નામનો વિદ્યાર્થી પોતાનું મોપેડ લેવા ગયો હતો. મોપેડ પાસે પહોંચતાં જ અચાનક તેમાં આગ ફાટી નીકળી હતી. આગ લાગતાની સાથે જ વિદ્યાર્થીઓ અને સિક્યુરિટી સ્ટાફે ફાયર એક્સ્ટિંગ્યુશરની મદદથી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો આ અંગેની જાણ થતાં જ માન દરવાજા ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ફાયર જવાનોએ ગણતરીની પાંચ મિનિટમાં પાણીનો મારો ચલાવી આગ કાબૂ પર મેળવી લીધો હતો.-

# કરચોરોને ટેન્શન આપતા આઈટી કર્મીઓ ટેન્શનમાં

**આયકર** ભવનની બિલ્ડિંગ ડેમેજ હોવાનો SVNITનો ડ્રાફ્ટ રિપોર્ટ

**બિલ્ડિંગના** મહત્ત્વના પિલરો સહિતના પિલરો રિબાઇન્ડિંગ કરાવવાની જરૂરિયાત પર ભાર મૂકતો રિપોર્ટ

સુરતઃ ઈન્કમટેક્સનું નામ પડે એટલે કરચોરોમાં ટેન્શન આવી જાય છે, પરંતુ આજકાલ સુરતના મજૂરાગેટ પાસેના આયકર ભવનમાં બેઠેલા લોકો ટેન્શનમાં આવી ગયા છે. આયકર ભવનની બિલ્ડિંગ રિનોવેશન માંગી રહ્યું છે. આ અંગેનો ડ્રાફ્ટ રિપોર્ટ SVNITએ થોડા દિવસો પહેલાં જ આયકર વિભાગને સુપરત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. SVNITના સિવિલ વિભાગ દ્વારા બિલ્ડિંગ સંદર્ભે અપાયેલા આ રિપોર્ટએ આયકર ભવનમાં ખાસ્સી ચર્ચા જગાવી છે.

પ્રથમ દૃષ્ટિએ વ્યવસ્થિત લાગતી આ બિલ્ડિંગમાં ઠેર ઠેર તિરાડો પડી ગઈ છે. સ્લેબમાં નુકસાની સાથે પિલરો પણ ઘણી જગ્યાએથી ફાટી ગયા છે. જેથી આ બિલ્ડિંગની સ્ટેબિલિટી જાણવા માટે SVNITના સિવિલ વિભાગને કામ સોંપાયું હતું. આયકર ભવનની બિલ્ડિંગમાં સિવિલ ટીમે દરેક ખૂણાઓ ચેક કરી આરસીસી વર્ક કે જેમાં સ્લેબ અને પીલરોનો સમાવેશ થાય છે, એની પણ તળિયાઝાટક ચેકિંગ કર્યું હતું. આખી બિલ્ડિંગનો સંપૂર્ણ સરવે થયા બાદ વિભાગ દ્વારા સુરત આયકર વિભાગને એક ડ્રાફ્ટ રિપોર્ટ સુપરત કરી દેવામાં આવ્યો છે. જાણવા મળ્યા મુજબ આ ડ્રાફ્ટ રિપોર્ટમાં ખૂબ જ ગંભીર રીતે બિલ્ડિંગને નુકસાન થઈ રહ્યું હોવાનું આલેખન કરાયું છે. ખાસ કરીને મોટાભાગના મહત્ત્વના પીલરોનું રિબાઈન્ડિંગ કામ માંગી રહ્યાનું રિપોર્ટમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. સુરત આયકર વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ SVNIT દ્વારા મળેલા આ રિપોર્ટ અંગેની જાણકારી સેન્ટ્રલ પબ્લિક વર્ક વિભાગને આપી દેવામાં આવી છે. હવે પછી જે કંઈ નિર્ણય કરવાનો રહેશે એ અંગે ઓથોરિટી દ્વારા લેવાશે. પરંતુ એકવાર ચોક્કસ છે કે આ રિપોર્ટને કારણે સુરત આયકર ભવન બિલ્ડિંગમાં બેઠેલા અધિકારીઓ, કર્મચારીઓ ટેન્શનમાં આવી ગયાં છે.

# લગ્નની લાલચે વિધવાનું 10 વર્ષ શોષણ, 15 લાખ પડાવ્યા

**પાંડેસરાના** યુવક અને મદદગારી કરનાર બહેન સામે ખટોદરા પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ ખટોદરા વિસ્તારમાં રહેતી વિધવાને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરી અને ટુકડે-ટુકડે કરીને લાખો રૂપિયા પડાવવાના ગંભીર આરોપ સાથે ખટોદરા પોલીસે પાંડેસરામાં રહેતા યુવક અને તેની બહેન સામે ગુનો દાખલ કર્યો છે.

વિધવા મહિલાની ફરિયાદ મુજબ વર્ષ 2016ના જાન્યુઆરી મહિનામાં મહિલાને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. વાતચીત દરમ્યાન તેણીનો પરિચય પાંડેસરા વિસ્તારમાં રહેતા રાજ ઉર્ફે રાજેશ ઈન્દ્રપાલ પ્રજાપતિ સાથે થયો હતો. રાજેશે પોતે પરણિત હોવાની હકીકત શરૂઆતથી જ છૂપાવી હતી. તેણે પોતાની બહેન કમલાબેન રામકૃપાલ પ્રજાપતિને પણ મહિલાની ઓળખાણ કરાવી, જેથી સંબંધને વિશ્વસનીયતા મળે. છેલ્લા દસ વર્ષ સુધી આરોપી અવારનવાર મહિલાને લગ્નના વચનો આપી શારીરિક સંબંધો બાંધતો રહ્યો હતો. આ દરમિયાન રાજેશે પોતાની આર્થિક મુશ્કેલીઓ બતાવી મહિલાથી ટુકડે-ટુકડે કરીને અંદાજે રૂ. 15 લાખ જેટલી રકમ પણ પડાવી હતી. પૈસા લીધા બાદ પણ તેણે લગ્ન ન કરીને માત્ર શારીરિક શોષણ જ ચાલુ રાખ્યું હતું. સમય જતા મહિલાને રાજ ઉર્ફે રાજેશ પરણિત હોવાની હકીકતની જાણ થતાં તેણીનો વિશ્વાસ તૂટી ગયો હતો.

# ટ્રક પર ચડેલા ડ્રાઈવરને કરંટ લાગતાં મોત

**ડ્રાઈવર** હોવા છતાં કોન્ટ્રાક્ટર અને સુપરવાઈઝરે ટ્રકની ઉપર માટી જોવા મોકલતાં કરંટ લાગ્યો

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની દિનેશ રમેશ બબેરીયા (ઉં.વ.33) હાલ મગદલ્લા બ્રિજની નીચે આવેલી ઝૂંપડપટ્ટીમાં પત્ની અને એક પુત્રી સાથે રહેતો હતો. તે ટ્રક ડ્રાઈવર તરીકે રોજગાર કરતો હતો. બુધવારે સવારે આશરે 11 વાગ્યાના અરસામાં દિનેશ જહાંગીરપુરા કેનાલ રોડ પર ચાલતા માર્ગ કામમાં માટી ભરવા માટે ગયો હતો. જ્યાં સાઇટ પર હાજર સુપરવાઈઝર પ્રણવે ટ્રકમાં કેટલું માટી ભરાયું છે તે જોવા માટે દિનેશને ટ્રકની ઉપર ચડવા માટે કહ્યું હતું. ટ્રકની ઉપર ચડતા જ તેને હાઈટેન્શન વીજ વાયર માથાના ભાગે અડી જતાં કરંટ લાગતાં તેનું મોત થયું હતું. કરંટની તીવ્રતા એટલી હતી કે બચાવની કોઈ શક્યતા રહી નહોતી.

### પરિવારનો મૃતદેહ સ્વીકારવા ઈન્કાર

મૃતકના નાનાભાઈ અજયે GEB, કોન્ટ્રાક્ટર અને સુપરવાઈઝર સામે ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દિનેશ ડ્રાઈવર હતો અને તેનું કામ માત્ર ટ્રક ચલાવવાનું હતું, તેને ટ્રકની ઉપર ચડવા માટે મજબૂર કેમ કરવામાં આવ્યો? આક્ષેપો સાથે અજયે મૃતદેહ સ્વીકારવાની પણ ના પાડી હતી અને મૃતકના પરિવારને યોગ્ય વળતર આપવાની માંગ કરી હતી.

# ગેંગવોર:બુટલેગરે કરાવી જનતા રેડ

**ભેસ્તાન** પોલીસમાં દારૂના અડ્ડા બંધ કરાવવા માટે પાડોશી પોલીસ રસ લઈ રહી હોવાની ચર્ચા

**પડોશી** પોલીસે બુટલેગરને અન્ય બુટલેગરની સોપારી આપી

**પો.કમિ.** અશોક ગેહલોતે તપાસના આદેશ આપ્યા

### બુટલેગરોએ આ ધંધો કર્યો છે: પીઆઈ ગાબાણી, પીઆઈ બદલાતાં બુટલેગરો પણ બદલાઈ જતાં હોવાની ચર્ચા

ભેસ્તાન પોલીસની હદમાં જે દરોડો પડ્યો છે તેમાં એવું કહેવાય છે કે વરાછામાં અગાઉ વિવાદીત કામગીરી કરનારા પીઆઇ ગાબાણીના આગમન સાથે જ હવે માનીતા બુટલેગરોને બેસાડવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. દરમિયાન વિવાદ મોટો થતાં પીઆઇ ગાબાણીએ કહ્યું કે, અન્ય બુટલેગરોએ આ ધંધો કર્યો છે. દરમિયાન પડદા પાછળ પાંડેસરાના કૃણાલનું નામ ચર્ચામાં છે. તેમાં પાંડેસરામા 30 જેટલા ઠેકા ખોલવાની પરમિશન અપાઇ છે. આ દારૂનો ધંધો ગભેણી ગામમાં રહેતા કૃણાલ નામના બુટલેગરનો હોવાનું કહેવાઈ રહ્યું છે. અનિલ ચૌધરી સામે અગાઉ પણ બેનંબરી ધંધાઓને છૂટ આપવાના આક્ષેપો થયા હોવાની ચર્ચા છે. જનતાની રેડ બાદ હવે સૌની નજર ભેસ્તાન પોલીસ તંત્ર પર છે. આ સમગ્ર મામલે ખરેખર કડક અને નિષ્પક્ષ કાર્યવાહી થશે કે પછી ફરી એક વખત મામલો દબાવી દેવામાં આવશે? આ ઘટનાએ દારૂબંધીના અમલ અને પોલીસની જવાબદારી અંગે ફરી એક વખત ગંભીર ચર્ચા જગાવી છે.

### કેશિયર અનિલ ચૌધરીનો ધમકી આપતો વિડીયો વાયરલ

અગાઉ સચિન જીઆઇડીસીમાંતોડબાજીમાં ઝડપાયેલા અનિલ ચૌધરીને એક વર્ષ બાદ ભેસ્તાનનો હવાલો સોંપી દેવામાં આવ્યા બાદ તેણે ધાકધમકી આપવાનું શરૂ કરતાં તેનો વિડીયો વાયરલ થયો છે. તેમાં દારૂના અડ્ડા પર પોતાના માનીતાઓને બેસાડવા માટે જનતા રેડનું નાટક કરવામાં આવ્યું હોવાની ચર્ચા છે.

સુરતઃ ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાઓ હોવા છતાં સુરતના ઉન પાટિયા ચંડાલ ચોકડી વિસ્તારમાં અને ભેસ્તાન ફાયર સ્ટેશનની બાજુમાં ભગવતીનગરમાં ખુલ્લેઆમ ગેરકાયદે દારૂ વેચાણ થતું હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. સ્થાનિક જનતાએ જાતે જ રેડ પાડી દારૂના સ્ટેન્ડનો ભાંડો ફોડતાં દારૂબંધીના અમલ અને ભેસ્તાન પોલીસની કામગીરી અંગે તીવ્ર ચર્ચા અને આક્રોશ ફાટી નીકળ્યો છે.

તેમાં ઉન પાટિયા ચંડાલ ચોકડી પાસે ભેસ્તાન ફાયર સ્ટેશનની બાજુમાં આ ઘટના બની હતી. ભેસ્તાનમાં અમીતના અડ્ડા પર આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

તેમાં પડદા પાછળ ભેસ્તાન પીઆઈ બદલાતાં હવે નવા પીઆઈ પાસે દેશી દારૂના અડ્ડાના બુટલેગરો બદલાવવા માટે આ હરકત કરવામાં આવી હોવાની વાત છે. પીઆઇ ગાબાણીએ આ વાતની કબૂલાત કરતાં નવો વિવાદ ઊભો થયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### IIID સુરત રિજનલ ચેપ્ટરનો ઇન્સ્ટોલેશન સમારોહ યોજાયો, નવા હોદ્દેદારો નિયુક્ત કરાયા



સુરતઃ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટિરિયર ડિઝાઇનર્સ સુરત રિજનલ ચેપ્ટર તથા IIID નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીની ઇન્સ્ટોલેશન સેરેમની સુરતમાં યોજાઈ હતી. જેમાં દેશભરના ૩૫ જેટલા રિજનલ ચેપ્ટર્સમાંથી આવેલા પ્રતિનિધિઓ, આર્કિટેક્ટ્સ, ઇન્ટિરિયર ડિઝાઇનર્સ તથા ઉદ્યોગ જગતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સોહેલ મન્સૂરનીIIID સુરત રિજનલ ચેપ્ટરના ચેરમેનતરીકે વરણી કરાઈ હતી. IIID સુરતના સ્થાપક તથા IIIDના ભૂતપૂર્વ પ્રમુખ બંકિમ દવેના સન્માન સાથે આઉટગોઈંગ પ્રેસિડેન્ટ સરોષ વાડિયાના નેતૃત્વ અને સેવાઓ માટે આભાર વ્યક્ત કરાયો હતો. સમારોહમાં IIAના ચેરમેન વિજય ચૌહાનહાજર રહ્યા હતા. નવી કાર્યકારી ટીમમાં ક્ષિતિજ દેસાઈ વાઇસ ચેરમેન, વૈશાલી ચૌહાન ઓનરરી સેક્રેટરી તથા ચેર-ઇલેક્ટ, આશિષ પટેલ જોઇન્ટ ઓનરરી સેક્રેટરી અને માર્ગેશ વાંકાવાલા ખજાનચી તરીકે નિયુક્ત કરાયા હતા. મેનેજિંગ કમિટિમાંરાકેશ કાબરિયા, વિપુલ નકરાણી, મિશા શાહ અને શૈલેશ દેસાઈતેમજ સહ-સભ્યો તરીકે જય પટેલ, મયંક પટેલ અને પંકજ સોલંકીનો સમાવેશ કરાયો હતો. સંચાલન દીપક સહજવાનીએ કર્યું હતું.

### વી.ટી. ચોકસી લો કોલેજ ખાતે કોન્ફરન્સનું આયોજન કરાયું



સુરતઃ વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત ખાતે રિસર્ચ સેન્ટર દ્વારા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ દ્વારા અનુદાનિત સંશોધન પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ ના બે દિવસીય મલ્ટિડિસિપ્લિનરી કોન્ફરન્સનું EmpowerHER: Advocating Women's Rights and Empowerment' વિષય પર સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સના ચેર તરીકે ડો. ઇરમલા દયાલ (ઇન્ચાર્જ આચાર્ય, વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત) રહ્યા હતા. કોન્ફરન્સના આયોજન અને સફળતામાં પ્રખ્યાત એડવોકેટ શ્રેયસ દેસાઈ (ચેરમેન, એડમિનિસ્ટ્રેટિવ કમિટી) નો અમૂલ્ય ફાળો રહ્યો હતો. વિદ્વાન વ્યાખ્યાતા તરીકે પ્રો. ડો. રાજેશ દુબે, કીનોટ સ્પીકર તરીકે પ્રો. સની હસાનીની સાથે ડો. હેમાલી અરુણભાઈ દેસાઈ (પ્રિન્સિપલ, રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપી) તથા પ્રો. પરસી એન્જિનિયર (ફર્સ્ટ પ્રોવોસ્ટ, સાર્વજનિક યુનિવર્સિટી) હાજર રહ્યા હતા. ૪ રાજ્યો તથા ૧ કેન્દ્રશાસિત પ્રદેશના ૧૦ શહેરોમાંથી વિવિધ શૈક્ષણિક પ્રવાહોના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૫૭ સંશોધન પેપરનું પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું હતું.

### જીવનમાં ક્યારેય કાંઇ કાયમી નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ વેસુ સ્થિત પૂ. આ. ૐકારસૂરિજી આરાધના ભવનમાં જૈનાચાર્ય વિજય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં સત્સંગ સભા યોજાઇ હતી. આ પાવન અવસરે મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ. વિજય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સમયચક્રમાં સુખ અને દુઃખનું વહેણ ચાલ્યા કરે છે. તડકા પછી છાંયડો અવશ્ય આવે છે. અમાવસની અંધારી રાત પછી પૂર્ણિમાનો ચાંદ ખીલવાનો જ છે. જીવનમાં ક્યારેય કાંઇ કાયમી નથી. જે છે તે બધું કામ ચલાઉ છે.

### રામલાલ બગડિયા પ્રાથમિક શાળાનો ભવ્ય વાર્ષિકોત્સવ ઉજવાયો



સુરતઃ રામલાલ બગડિયા પ્રાથમિક શાળા (અંગ્રેજી માધ્યમ) તથા એસ. એચ. દોરીવાળા બાળભવન દ્વારા સુરત ખાતે તા. 09-12-25ના રોજ વાર્ષિકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેન્સર સ્પેશિયાલિસ્ટ તથા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. અમિત ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ નૃત્ય, ગીત, નાટક અને કાવ્યવાંચન જેવી સાંસ્કૃતિક રજૂઆતો દ્વારા સૌનું મન મોહી લીધું હતું.

### VNSGU બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય ડો.મહેન્દ્રસિંહ ચૌહાણનો જન્મદિવસ ઉજવાયો



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્ય તથા રાજપૂત સમાજના અગ્રણી તબીબ ડો.મહેન્દ્રસિંહ ચૌહાણના જન્મદિવસની ઉજવણી દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત ભરત કેન્સર હોસ્પિટલ ખાતે સેવાસભર અને પ્રેરણાદાયી રીતે કરવામાં આવી હતી. જન્મદિવસના અવસરે ભરત કેન્સર હોસ્પિટલના ટ્રસ્ટીઓ મહેન્દ્રભાઈ કતારગામવાળા, ડો.ગિરીશભાઈ શાહ અને ડો.રસિકભાઈ હાસોટી દ્વારા ડો.મહેન્દ્રસિંહ ચૌહાણનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે હોસ્પિટલમાં ફરજ બજાવતા સફાઈકર્મીઓને પૌષ્ટિક આહારની કિટ તેમજ કપડાં અર્પણ કરી તેમની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડો.નિલેશ મહાલે, નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ જિગીષા શ્રીમાળી, નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા, નિલેશ લાઠિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

### BOB રિટાયર્ડ ઓફિસર્સ એસો.નો સ્નેહમિલન યોજાયો




સુરતઃ બેંક ઓફ બરોડા રિટાયર્ડ ઓફિસર્સ એસોસિયેશન સુરત-ભરૂચ રિજીયનના નિવૃત અધિકારીઓનો વાર્ષિક સામન્ય સભા અને સ્નેહમિલન,તા.૨૧.૧૨.૨૦૨૫ ના રોજ, સત્સંગ ભવન ,બદ્રીનારાયણ મંદિર,સુરત ખાતે મળી હતી. મિટિંગમાં વિભૂતિબેન શાહે પ્રાર્થના કરી, જીસી મેમ્બર અશોક પટેલે આવકાર્યા, 75 વર્ષ પુરૂં કરનાર 3 સભ્યોનું સન્માન કરાયું. ઝોનલ સેક્રેટરી રાજેશ દાણીએ કામગીરી રજૂ કરી. ઝોનલ પ્રેસિડન્ટ, ભગવતી પટેલે, પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જી.સી મેમ્બર અને વાઇસ પ્રેસિડન્ટ સુનીલ પ્રાધેએ વિવિધ કામગીરીની વિગતો રજૂ કરી. રોબોટિક સર્જરીના નિષ્ણાંત સર્જન ડો. અવિનાશ દાતેએ સભ્યો માટે ની રિપ્લેસમેન્ટ સહિતની વિગતો આપી. આસી.ઝોનલ સેક્રેટરી રમેશ મકવાણાએ આભારવિધી કરી. સંચાલન હરીશ મસરાણીએ કર્યું. કાર્યક્રમમાં સુરત અને ભરૂચ રિજિયનનાના આશરે ૧૭૦ જેટલા નિવૃત અધિકારીઓ અને ફેમિલી પેન્શનરોએ ઉપસ્થિત રહ્યા હતા.